GJSR
070018202025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૯–૦૬–૨૦૨૫ |
| રજીસ્ટ્રેશન તારીખ | ૧૯–૦૬–૨૦૨૫ |
| ચુકાદાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| અવધિ | વર્ષ માસ દિન<br>૦૦ ૦૯ ૧૯ |

**ફોજદારી કેસ નં. ૧૩૩૮/૨૦૨૫**
**ચુકાદો આંક–**

**–:: નમૂના – એ ::–**

| | |
|---|---|
| **બારડોલીના પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ તથા એડીશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.બારડોલી, જિ.સુરત.** | |
| **:: ગુનાની વિગત ::** | |
| ગુનાની કલમ | ભારતીય ન્યાય સહીતાની કલમ ૨૮૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩, ૭ |
| પ્રથમ માહિતી અહેવાલ સંખ્યા | ગુ.રજિ.નં.૧૧૨૧૪૦૦૮૨૫–૦૦૦૧/૨૦૨૫ |
| પોલીસ સ્ટેશન | બારડોલી પોલીસ સ્ટેશન, જિ.સુરત |
| ફરિયાદપક્ષ | શ્રી સરકાર |
| ફરિયાદપક્ષ તરફે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી વી.એલ.પરમાર |
| આરોપી | **પ્રકાશચંદ મિશ્રીલાલ કલાલ**<br>રહે. ૩૨, ગોપાલનગર સોસાયટી,બાબેન, બારડોલી, તા.બારડોલી, જી.સુરત. |
| બચાવપક્ષ તરફે રજૂઆત | વિ.વકીલશ્રી એસ.કે.ભાટીયા |

**–:: નમૂના – બી ::–**

| | |
|---|---|
| ગુનાની તારીખ | ૦૧–૦૧–૨૦૨૫ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૦૧–૦૧–૨૦૨૫ |

| | |
|---|---|
| આખરી અહેવાલની તારીખ | ૧૫–૧૧–૨૦૨૫ |
| તહોમતનામા/પ્લીની તારીખ | ૨૫–૦૯–૨૦૨૫ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૦૯–૧૨–૨૦૨૫ |
| ચુકાદા માટે રાખવાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૭–૦૪–૨૦૨૬ |
| સજા હુકમની તારીખ | –– |

## **:: આરોપીની વિગત ::**

| અ નુ | આરોપીનું નામ | અટક કર્યાની તારીખ | જામીન મુક્તિ | તહોમત | નિર્દોષ છોડ્યા / સજા કરી | કરવા માં આવેલ સજા | ફો.કા.સં. ની કલમ – ૪૨૮ ના હેતુ માટે ટ્રાયલ દરમ્યાન અટકાયતનો સમયગાળો **વર્ષ માસ દિ** |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | પ્રકાશચંદ મિશ્રીલાલ કલાલ | ૦૧–૦૧–૨૦૨૫ | હાલ જામીન મુકત | ભારતીય ન્યાય સહીતાની કલમ ૨૮૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩,૭ | નિર્દોષ | – | – |

## **–:: નમુના – સી :: –**

## **:: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે મૌખિક પુરાવા ::**

### **(એ) ફરિયાદપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–**

| **સાહેદ નં.** | **આંક** | **આંક તથા સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૬ | જયંતીભાઇ વજીરભાઇની જુબાની | સાહેદ |
| ૨ | ૭ | જીતેન્દ્રભાઇ બીજલભાઇની જુબાની | ફરીયાદી |
| ૩ | ૧૦ | રમેશભાઇ સોમાભાઇ રાઠોઠની જુબાની | પંચ |
| ૪ | ૧૨ | ગુલામ ઇસ્માઇલ  ઇસરોલીયા ની જુબાની | પંચ |
| ૫ | ૧૩ | અતુલ  ઉકાજી ચૌધરીની જુબાની | ત.ક.અ. |

## (બી) બચાવપક્ષ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક તથા સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | |

## (સી) કોર્ટ તરફેના સાહેદોનું લીસ્ટ :–

| સાહેદ નં. | આંક તથા સાહેદનું નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| – | – | |

## :: ફરિયાદપક્ષ, બચાવપક્ષ તથા કોર્ટ તરફે દસ્તાવેજી પુરાવા ::

## (એ) ફરિયાદપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક / માર્ક | વિગત |
|---|---|---|
| ૧ | ૯ | ફરીયાદ |
| ૨ | ૧૧ | પંચનામું |

## (બી) બચાવપક્ષ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## (સી) કોર્ટ તરફેના દસ્તાવેજી પુરાવાઓનું લીસ્ટ :–

| અનું. નં. | આંક | વિગત |
|---|---|---|
| – | – | – |

## :: મટીરીયલ ઓબ્જેક્ટસ/મુદ્દામાલનું લીસ્ટ ::

| અનું. નં. | વિગત |
|---|---|
| ૧ | રાધણ ગેસના બાટલા નં. ૪ |
| ૨ | ખાલી બોટલ નંગ–૦૨ |
| ૩ | નોઝલ પાઈપ નંગ–૦૧ |

| | |
|---|---|
| ૪ | નાના પાચ કિલોના બાટલા નંગ–૦૧ |
| ૫ | જુનો ઈલે.વજન કાટો નંગ–૧ |

## :: જજમેન્ટ ::

**ફરીયાદ હકીકતનુ ટુંકમાં વર્ણન:–**

**(1)** ફરિયાદપક્ષના કેસની હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યે મોજે બાબેનગામ ગોપાલનગરમાં આવેલા પોતાના કબજાની ભેરૂનાથ કિરાણા સ્ટોરની દુકાનમાં અલગ અલગ કંપનીના રાંધણ ગેસના ૧૪ કિ.ગ્રા. ના ભરેલા તથા ખાલી બાટલા કુલ્લે નંગ–૦૪ આશરે કિં.રૂ.૭,૬૦૦/– રાંધણ ગેસના બાટલાઓમાંથી ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે પોતાના આર્થિક લાભ મેળવવા માટે નોઝલ પાઈપ લગાડી રીફીલીંગ કરી ગેરકાયદેસર અને પરવાના વગર આવશ્યક ચીજ વસ્તુના ઘરેલુ વપરાશના રાંધણ ગેસના બાટલાઓ ગેરકાયદેસર રીતે મેળવી સંગ્રહ કરી રાંધણ ગેસના બાટલામાંથી ગેસ રીફીલિંગ કરવા માટે નોઝલ ફીટ કરેલ પાઈપ નંગ–૦૧ કિં.રૂ. ૮૦૦/– તથા નાના પાંચ કિલોગ્રામના બાટલા નંગ–૦૧ જેની કિં.રૂ. ૪૦૦/– માં રીફીલિંગ કરી તેનું વજન કરવા માટે ઈલેક્ટ્રિક વજન કાંટો કિં.રૂ. ૧૦૦૦/– નો ઉપયોગ કરી કુલ્લે રૂ. ૦૯૮૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવી પોતાની તથા બીજા માણસની જિંદગી જોખમમાં મુકાય તેમ હોવા છતા જ્વલનશીલ પદાર્થ ગેસનું રીફીલિંગ કરી બેદરકારી દાખવી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩, ૭ મુજબનો ગુનો કરેલ. જે મતલબની વિગતેની ફરિયાદ, ફરિયાદીનાઓ દ્વારા આપવામાં આવેલ છે. ત્યારબાદ તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો પડતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ હતી.

**(2)** પોલીસ અહેવાલ રજૂ થતાં, આરોપી સામેના ગુનાનું સંજ્ઞાન લઈ, આરોપીને સમન્સ કરવામાં આવેલ, જે અનુસંધાને આરોપી અદાલતમાં ઉપસ્થિત થયેલ. ત્યારબાદ ચાર્જશીટ મુજબના કાગળોની નકલો વિનામૂલ્યે

મળી ગયાની ખાતરી કર્યા બાદ, આરોપીને ગુના અંગેની સમજ આપી, આંક–૦૫ ગુનાની પ્લી / નિવેદન રેકર્ડ કરતા, આરોપીએ ગુનાનો ઈન્કાર કરી ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાની માંગણી કરેલ.

**(3)** ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષનો પુરાવાનું મુલ્યાનકન કરતા આરોપીનું બી.એન.એસ. એસ. ની કલમ ૩૫૧ મુજબનું નિવેદન લેવામાં આવેલ તેમા તેઓએ ખોટો કેસ કરેલ છે તેવી હકીકત જાહેર કરેલ છે.

**(4)** આ કેસની હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ બંને પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–:: મુદ્દાઓ ::–**

**( આરોપી સામેનો ચાર્જ )**

(૧) શું ફરિયાદપક્ષ વ્યાજબી શંકાથી પર સાબિત કરે છે કે, આરોપીએ તા.૦૧/૦૧/૨૦૨૫ ના રોજ કલાક ૧૭/૩૦ વાગ્યે મોજે બાબેનગામ ગોપાલનગરમાં આવેલા પોતાના કબજાની ભેરૂનાથ કિરાણા સ્ટોરની દુકાનમાં અલગ અલગ કંપનીના રાંધણ ગેસના ૧૪ કિ.ગ્રા. ના ભરેલા તથા ખાલી બાટલા કુલ્લે નંગ–૦૪ આશરે કિં.રૂ.૭,૬૦૦/– રાંધણ ગેસના બાટલાઓમાંથી ગેરકાયદેસર અને અનઅધિકૃત રીતે પોતાના આર્થિક લાભ મેળવવા માટે નોઝલ પાઈપ લગાડી રીફીલીંગ કરી ગેરકાયદેસર અને પરવાના વગર આવશ્યક ચીજ વસ્તુના ઘરેલુ વપરાશના રાંધણ ગેસના બાટલાઓ ગેરકાયદેસર રીતે મેળવી સંગ્રહ કરી રાંધણ ગેસના બાટલામાંથી ગેસ રીફીલિંગ કરવા માટે નોઝલ ફીટ કરેલ પાઈપ નંગ–૦૧ કિં.રૂ. ૮૦૦/– તથા નાના પાંચ કિલોગ્રામના બાટલા નંગ–૦૧ જેની કિં.રૂ. ૪૦૦/– માં રીફીલિંગ કરી તેનું વજન કરવા માટે ઈલેક્ટ્રિક વજન કાંટો કિં.રૂ. ૧૦૦૦/– નો ઉપયોગ કરી કુલ્લે રૂ. ૦૯૮૦૦/– ના મુદ્દામાલ

સાથે મળી આવી પોતાની તથા બીજા માણસની જિંદગી જોખમમાં મુકાય તેમ હોવા છતા જવલનશીલ પદાર્થ ગેસનું રીફીલિંગ કરી બેદરકારી દાખવી ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૨૮૯ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩,૭ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ?

**(5)** ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**–:: નિર્ણય ::–**

મુદ્દા નં. (૧) નકારમાં

મુદ્દા નં. (૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

**(6)** કોઇપણ ફોજદારી પ્રક્રિયાની શરૂઆત અને ટ્રાયલ ચલાવવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે બે પ્રકારના અનુમાન સાથે ટ્રાયલ ચલાવવામાં આવતી હોય છે જેમાં આરોપીને ક્રિમીનલ જયુરીસપ્રુડન્સ મુજબ જયાં સુધી આરોપીની સામેનું આક્ષેપ કર્યા મુજબનું તહોમત પુરવાર ના થાય ત્યાં સુધી આરોપીને સદર ગુનો ન કરેલ હોવાનું માની આરોપીએ કરેલ ગુનામાંથી તેઓ નિર્દોષ છે તેવું અનુમાન કરવામાં આવે છે અને આરોપી વિરુધ્ધ કરવામાં આવતા આક્ષેપો નિશંકપણે પુરવાર કરવાની જવાબદારી ફરિયાદપક્ષની હોય છે, જે કોઇપણ સમયે ઓછી થતી નથી. તેની સાથે સાથે જે સાહેદો કોર્ટમાં આવીને જુબાની આપતા હોય, તે કોર્ટમાં સાચું બોલતા હોય, તેવા અનુમાન સાથે ફોજદારી પ્રકરણમાં ન્યાયિક વિશ્લેષણ કરવાનું હોય છે. આપણી માનનીય સર્વોચ્ચ ન્યાયાલયે જુદા જુદા ચુકાદામાં પુરાવાનું વિશ્લેષણ કરવાનું માર્ગદર્શન આપેલ છે. લેખરાજ વિરુધ્ધ હિમાચલ પ્રદેશ તેમજ અનીસીંગ વિરુધ્ધ સ્ટેટ ઓફ યુ.પી.ના ચુકાદામાં માનનીય સર્વોચ્ચ અદાલતે આપણા દેશની ભૌગોલિક, આર્થિક, સામાજિક પરિસ્થિતિને અનુલક્ષીને સાહેદની જુબાનીનું વિશ્લેષણ કેવી રીતે કરવું જોઇએ તે બાબતે માર્ગદર્શન આપેલ છે

અને તે માર્ગદર્શન આપતા માનનીય સર્વોચ્ચ અદાલતે એવી ટકોર કરેલ છે કે, એક અદાલતે બે પ્રકારની જવાબદારી નિભાવવાની હોય છે. પ્રથમ પ્રકારની જવાબદારીમાં અદાલતે એ જોવાનું હોય છે કે, કોઈપણ નિર્દોષ માણસને સજા ન થાય પરંતુ તેની સાથે સાથે અદાલતે એ પણ જોવાનું હોય છે કે, એક ગુનેગાર તેણે કરેલ ગુનાહિત કૃત્યમાંથી છટકી જવો ન જોઈએ. સર્વોચ્ચ અદાલતે એવી પણ ટકોર કરેલી છે કે, જયારે સાહેદ કોર્ટમાં જુબાની આપતા હોય છે ત્યારે તેઓ સામાન્ય રીતે સબળ મનોબળ ધરાવતા હોતા નથી અને કાયદાની આંટીઘુંટીથી પરિચિત હોતા નથી, આવા સંજોગોમાં તેઓ ઘણી વખત પોતાની જુબાનીમાં વિરોધાભાસ, અસંગત્તા અને અતિરેક પેદા કરતા હોય છે અને તેના કારણે જો ફરિયાદપક્ષના કેસ ઉપર કોઇ વિપરીત અસર પડતી ન હોય તો તે અસંગત્તા, વિસંગત્તા અને અતિરેક દરગુજર કરવા જોઇએ, પરંતુ આવા અતિરેક, વિસંગત્તાના કારણે ફરિયાદપક્ષના કેસના મૂળને અસરકર્તા હોય તો તેનો લાભ આરોપીને મળવો જોઇએ.

---

**-:: ઓકયુલર એવીડન્સ ::-**

---

**(7)** આ કામે ફરિયાદપક્ષ તરફે સાહેદોની સોગંદ ઉપરની જુબાની અને તેઓની બચાવપક્ષ તરફેના વિ.વકીલશ્રી દ્વારા કરેલ ઉલટતપાસ નીચે મુજબ છે.

**(8)** ફરિયાદપક્ષે આંક-૬ થી સાહેદ જયંતીભાઇ વજીરભાઇ પોલીસ સાહેદ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૨૩-૨૪ માં એ.એસ.આઈ. તરીકે બારડોલી ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા. ૦૧-૦૧-૨૦૨૫ ના રોજ હું તથા અ.પો.કો.સુરેશભાઈ નારણભાઈ તથા મહેન્દ્રભાઈ શનાભાઈ નાઓ બારડોલી ટાઉન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઈ. મહેન્દભાઈ તથા જીતેન્દ્ર બીજલભાઈનાઓને ખાનગી

રાહે બાતમીદાર થી સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, મોજે બાબેન ગામમાં શકિત નગર સોસાયટી મકાન નં. ૬૪ પાછળ વાડામાં એક ઈસમ ઘર વપરાશના રાંધણ ગેસના બાટલાઓ તથા કોર્મશીયલ ગેસના બાટલા વાડામાં આવેલ નાની ઓરડીમાં અંદર રાખે છે અને ગેરકાયદેસર રીતે કોમર્શીયલ બાટલામાંથી ઘરેલું વપરાશના બાટલા રીફીલીગ કરે છે. તેવી બાતમી મળતા બે પંચો રમેશભાઈ સોમાભાઈ તથા ગુલામ ઈસરોલીયાના ઓને બોલાવી, બાતમી હકીકત થી વાકેફ કરી ખાનગી વાહનમાં બેસી બાતમી વાળી જગ્યા ગોપાલનગર, ભેરૂનાથ કરીયાણાની દુકાનમાંઆવતા ત્યા આગળ એક ઈસમ હાજર મળી આવેલ તેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ પ્રંકાશચંદ્ર મીસરીલાલ કલાલ રહે. ગોપાલનગર સોસાયટી, બાબેન, તા.બારડોલી મુળ રહે. કેરીયાખેડાગામ, તા.કરેડા, જી.ભીલવાડા ના હોવાનું જણાવેલ. તેની દુકાનમાં તપાસ કરતા ભારત ગેસ તથા ઈન્ડીયન ગેસના રાંધણ ગેસના બાટલાઓ તથા રીફીલીગ કરવા માટેની નોઝલ પાઈપ અને એક વજન કાંટા જેવા સાધનો મળી આવેલ જે પંચો ની રૂબરૂ તપાસ કરતા ભારત કપનીના રાઘણ ગેસના ૧૪ બોટલ, ઈન્ડેન કંપનીનું ૧ બોટલ જે પેકી ભારત કંપનીના બે બોટલો શીલ બંધ, એક બોટલ ખાલી તથા ઈન્ડેન કંપનીનો ખાલી બોટલ કુલ ચાર રાઘણ ગેસના બોટલો તેમજ ગેસ રીફલીગ કરવા માટે ઈન આઉટ માટેની નોઝલ પાઈપ એક કાટ ચડી ગયેલ ઈલેકટ્રીક વજન કાટો તથા પાંચ કિલો ગ્રામ નો બોટલ-૧ મળી આવેલ જે અં ગે આરોપીને પુછતા તેઓ નાના બોટલાઓમાં ગેસ રીફીલીગ કરી વેચાણ કરતા હોવાનું જણાવેલ અને તેની પાસે ગેસ રીફીલીગ કરવા તથા રાખવા બાબતે પાસ પરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. તેમજ તેમના મકાનમાં કોઈ અગ્ની શામક સાધન તેમજ સેફ્ટી અર્થેના સાધનો રાખેલ નથી કે આધાર પુરાવા કે બીલ રાખેલ નથી. આ ઉપરોકત મુદ્દામાલ કુલ રૂા.૯,૮૦૦/- નો

ગણી પંચનામાની વિગતે કબજે કરી આરોપીને અટક કરવામાં આવેલ બનાવ બાબતે આરોપી વિરૂધ્ધ જીતેન્દ્રભાઈ બીજલભાઈ એ ફરીયાદ આપેલ. જે ફરીયાદ બારડોલી પો.સ્ટે. ના પી.એસ.ઓ. ગુનો રજીસ્ટર કરી આગળની તપાસ અમોને સોપતા એ.યુ.ચૌધરી અ.હે.કો.ના ને સોપેલ અને તેઓએ મારૂ નિવેદન લીધેલ.આરોપીને ઓળખુ છું જે નામદાર કોર્ટમાં હાજર છે તેજ છે.

સદરહુ કામે આરોપી તરફે સદરહુ સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલ છે અને તેઓ તેમની ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર જગ્યા છે અને લોકોની અવર જવર પણ રહે છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી કોઈ કહેવાતો મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છેકે, દુકાનની માલીકી અંગેના કોઈ પુરાવા મે લીધેલ નહી. એ વાત ખરી નથી કે, પંચોને સાથે લઈ ગયેલા નહી. એ વાત ખરી નથી કે, સામાન્ય રીતે કહેવાતો મુદ્દામાલ બીન વારસી મળી આવે છે. એ વાત ખરી છે કે, સામાન્ય કોઈ લગ્ન પ્રંશગમાં ઘરમાં વપરાતા બોટલો ની આપ લે કરતા હોય છે. એ વાત ખરી છે કે, ગેસ ની બોટલો આવશ્યક ચીજ વસ્તુમાં આવે છે અને તેનું કાર્યક્ષેત્ર પુરવઠા વિભાગ ને રહેલ છે. એ વાત ખરી છે કે, પુરવઠા વિભાગના અધિકારીએ ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી છે કે, ગેસની બોટલો અંગે ફરીયાદ કરવાની સત્તા પોલીસ કર્મીને નથી. એ વાત ખરી નથી કે, પંચોને બોલાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, બીન વારસી મુદ્દામાલ આરોપીના માથે પાડી ખોટો કેસ કરેલ છે.

**(9)** ફરિયાદપક્ષે આંક–૮ થી ફરીયાદી જીતેન્દ્રભાઇ બીજલભાઇ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૨૩–૨૪ માં અ.પો.કો. તરીકે બારડોલી ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન તા. ૦૧–૦૧–૨૦૨૫ ના રોજ હું તથા અ.પો.કો.સુરેશભાઈ નારણભાઈ તથા મહેન્દૂભાઈ શનાભાઈ , જયંતીભાઈ

વજીરભાઈ નાઓ બારડોલી ટાઉન વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના એ.એસ.આઈ. મહેન્દ્રભાઈ તથા મને ખાનગી રાહે બાતમીદાર થી સંયુકત રીતે બાતમી હકીકત મળેલ કે, મોજે બાબેન ગામમાં શકિત નગર સોસાયટી મકાન નં. ૬૪ પાછળ વાડામાં એક ઈસમ ઘર વપરાશના રાંધણ ગેસના બાટલાઓ તથા કોર્મશીયલ ગેસના બાટલા વાડામાં આવેલ નાની ઓરડીમાં અંદર રાખે છે અને ગેરકાયદેસર રીતે કોમર્શીયલ બાટલામાંથી ઘરેલું વપરાશના બાટલા રીફીલીગ કરે છે. તેવી બાતમી મળતા બે પંચો રમેશભાઈ સોમાભાઈ તથા ગુલામ ઈસરોલીયાના ઓને બોલાવી, બાતમી હકીકત થી વાકેફ કરી ખાનગી વાહનમાં બેસી બાતમી વાળી જગ્યા ગોપાલનગર, ભેરૂનાથ કરીયાણાની દુકાનમાં આવતા ત્યા આગળ એક ઈસમ હાજર મળી આવેલ તેનું પંચો રૂબરૂ નામ ઠામ પુછતા તેણે પોતાનું નામ પ્રંકાશચંદ્ર મીસરીલાલ કલાલ રહે. ગોપાલનગર સોસાયટી, બાબેન, તા.બારડોલી મુળ રહે. કેરીયાખેડાગામ, તા.કરેડા, જી.ભીલવાડા ના હોવાનું જણાવેલ. તેની દુકાનમાં તપાસ કરતા ભારત ગેસ તથા ઈન્ડીયન ગેસના રાંધણ ગેસના બાટલાઓ તથા રીફીલીગ કરવા માટેની નોઝલ પાઈપ અને એક વજન કાંટા જેવા સાધનો મળી આવેલ જે પંચો ની રૂબરૂ તપાસ કરતા ભારત કપનીના રાધણ ગેસના ૧૪ બોટલ, ઈન્ડેન કંપનીનું ૧ બોટલ જે પેકી ભારત કંપનીના બે બોટલો શીલ બંધ, એક બોટલ ખાલી તથા ઈન્ડેન કંપનીનો ખાલી બોટલ કુલ ચાર રાધણ ગેસના બોટલો તેમજ ગેસ રીફલીગ કરવા માટે ઈન આઉટ માટેની નોઝલ પાઈપ એક કાટ ચડી ગયેલ ઈલેકટ્રીક વજન કાટો તથા પાંચ કિલો ગ્રામ નો બોટલ –૧ મળી આવેલ જે અંગે આરોપીને પુછતા તેઓ નાના બોટલાઓમાં ગેસ રીફીલીગ કરી વેચાણ કરતા હોવાનું જણાવેલ અને તેની પાસે ગેસ રીફીલીગ કરવા તથા રાખવા બાબતે પાસ પરમીટ માંગતા ન હોવાનુ જણાવેલ. તેમજ તેમના મકાનમાં કોઈ

અગ્ની શામક સાધન તેમજ સેફ્ટી અર્થેના સાધનો રાખેલ નથી કે આધાર પુરાવા કે બીલ રાખેલ નથી. આ ઉપરોકત મુદ્દામાલ કુલ રૂા.૯,૮૦૦/– નો ગણી પંચનામાની વિગતે કબજે કરી આરોપીને અટક કરવામાં આવેલ બનાવ બાબતે આરોપી વિરૂધ્ધ મે ફરીયાદ આપેલ મને ફરીયાદ બતાવવામાં આવે છે તેમા મારી સહી છે જે હું ઓળખું છું જેને રજુ દાખલ આંક–૦૯ આપવામાં આવે છે. આરોપીને ઓળખુ છુ. આરોપી તરફે ઓળખ અંગે પ્રશ્ન નથી.

સદરહુ કામે આરોપી તરફે સદરહુ સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલ છે અને તેઓ તેમની ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, બનાવવાળો વિસ્તાર જાહેર જગ્યા છે અને લોકોની અવર જવર પણ રહે છે. એ વાત ખરી નથી કે, આરોપી પાસેથી કોઈ કહેવાતો મુદ્દામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છેકે, દુકાનની માલીકી અંગેના કોઈ પુરાવા મે લીધેલ નહી. એ વાત ખરી નથી કે, પંચોને સાથે લઈ ગયેલા નહી. એ વાત ખરી નથી કે, સામાન્ય રીતે કહેવાતો મુદ્દામાલ બીન વારસી મળી આવે છે. એ વાત ખરી છે કે, સામાન્ય કોઈ લગ્ન પ્રંશગમાં ઘરમાં વપરાતા બોટલો ની આપ લે કરતા હોય છે. એ વાત ખરી છે કે, ગેસ ની બોટલો આવશ્યક ચીજ વસ્તુમાં આવે છે અને તેનું કાર્યક્ષેત્ર પુરવઠા વિભાગ ને રહેલ છે. એ વાત ખરી છે કે, પુરવઠા વિભાગના અધિકારીએ ફરીયાદ આપેલ નથી. એ વાત ખરી છે કે, ગેસની બોટલો અંગે ફરીયાદ કરવાની સત્તા પોલીસ કર્મીને નથી. એ વાત ખરી નથી કે, પંચોને બોલાવવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, બીન વારસી મુદ્દામાલ આરોપીના માથે પાડી ખોટી ફરીયાદ કરેલ છે.

**(10)** ફરિયાદપક્ષે આંક–૧૦ થી પંચ સાહેદ રમેશભાઈ સોમાભાઈ રાઠોડ નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, મને આજથી આશરે એક વર્ષ અગાઉ બારડોલી પો.સ્ટે.માં બોલાવેલ ત્યા મારી તૈયાર પંચનામા ઉપર સહી લીધેલ. સદરહુ પંચનામામાં શું લખેલ હતું

તે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. આ સિવાય હું બીજુ કઈ જાણતો નથી. મને પંચનામું બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે જે રજુ દાખલ આંક–૧૧ આપવામાં આવે છે. મારે પોલીસ સાથે કોઈપણ જગ્યાએ જવાનું પ્રંશગ બનેલ નથી.

આમ, સદર પંચ સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસની હકીકત કે આંક– ૧૧ ની પંચનામાને સમર્થન કરતા ના હોઈ તેઓને ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી સાહેદ ને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ આ સાહેદ ની એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરવામાં આવેલ પરંતુ તેમાં પણ સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(11)** ફરિયાદપક્ષે આંક–૧૨ થી પંચ સાહેદ ગુલામભાઇ ઇસ્માઇલભાઇ ઇસરોલીયા નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, મને આજથી આશરે એક વર્ષ અગાઉ બારડોલી પો.સ્ટે.માં બોલાવેલ ત્યા મારી તૈયાર પંચનામા ઉપર સહી લીધેલ. સદરહુ પંચનામામાં શું લખેલ હતું તે વાંચેલ નહી કે પોલીસે મને વાંચી સંભળાવેલ નહી. આ સિવાય હું બીજુ કઈ જાણતો નથી. મને આંક–૧૧ નું પંચનામું બતાવવામાં આવે છે તેમાં મારી સહી છે મારે પોલીસ સાથે કોઈપણ જગ્યાએ જવાનું પ્રંશગ બનેલ નથી.

આમ, સદર પંચ સાહેદ તેમની સરતપાસમાં ફરીયાદપક્ષના કેસની હકીકત કે આંક– ૧૧ ની પંચનામાને સમર્થન કરતા ના હોઈ તેઓને ફરીયાદપક્ષ તરફે એ.પી.પી.શ્રીએ મૌખિક વિનંતીથી સાહેદ ને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસની પરવાનગી આપવામાં આવેલ છે અને ત્યારબાદ આ સાહેદ ની એ.પી.પી.શ્રીએ ઉલટ તપાસ કરવામાં આવેલ

પરંતુ તેમાં પણ સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતો કોઈ પુરાવો આપવામાં આવેલ નથી. આમ, ફરીયાદપક્ષ પંચનામું પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે.

**(12)** ફરિયાદપક્ષે આંક–૧૩ થી ત.ક.અ. અતુલ ઉકાજી ચૌધરી નાઓને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, હું સને ૨૦૨૩–૨૪ માં હે.કો. તરીકે બારડોલી ટાઉન પો.સ્ટે.માં ફરજ બજાવતો હતો તે સમય દરમ્યાન બારડોલી પાર્ટ એ ગુ.ર.નં. ૦૦૦૦૧/૨૦૨૫ ભારતીય ન્યાય સંહિતાની કલમ –૨૮૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિ. ની કલમ ૩ અને ૭ અંગેનો ગુનો રજીસ્ટર કરી આગળ ની તપાસ અમોને સોપતા મે તપાસ સંભાળી લીધેલ. તપાસની સાથે મને ફરીયાદ તથા પંચનામું પણ મળેલ. ત્યારબાદ મે સાહેદોના નિવેદનો તેમના લખાવ્યા મુજબ લખી લીધેલ. તેમજ તા.૦૨–૦૧–૨૦૨૫ ના રોજ મામલતદાર શ્રી ને રાંધણ ગેસના બાટલાનો કબજો સંભાળી લેવા રીપોર્ટ કરેલ. આરોપી વિરૂધ્ધ પુરતો હોય આરોપીને અટક કરી જામીન લાયક ગુનો હોય તેઓને જામીન મુકત કરેલ ત્યારબાદ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જસીટ કરેલ. આરોપીને ઓળખુ છુ. આરોપી તરફે ઓળખ અંગે પ્રશ્ન નથી.

સદરહુ કામે આરોપી તરફે સદરહુ સાહેદની ઉલટ તપાસ લેવામાં આવેલ છે અને તેઓ તેમની ઉલટ તપાસમાં એ હકીકત જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ગુનાવાળી જગ્યાનું પંચનામુ મે કરેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવવાળી જગ્યાના આજુબાજુના સાહેદોના કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મે બનાવવાળી જગ્યાના માલીક આરોપી હોય તે અંગેના કોઈ પુરાવા મે કબજે કરેલ નથી. એ વાત ખરી છે કે, કબજે લેવામાં આવેલ ગેસના બાટલા ની માલીકી અંગે પણ કોઈ તપાસ કરેલ નથી. એ વાત ખરી

છે કે, ગેસ ની બોટલો આવશ્યક ચીજ વસ્તુમાં આવે છે અને તેનું કાર્યક્ષેત્ર પુરવઠા વિભાગ ને રહેલ છે. એ વાત ખરી છે કે, ગેસની બોટલો અંગે ફરીયાદ કરવાની સત્તા પોલીસ કર્મીને નથી. એ વાત ખરી નથી કે, સદરહુ ચાર્જસીટ કરવાનું કાર્યક્ષેત્ર ન હોય તેમ છતાં ખોટુ ચાર્જસીટ કરેલ છે. એ વાત ખરી નથી કે, સાહેદોના નિવેદન મે મારી મરજી મુજબ લખી લીધેલ. એ વાત ખરી નથી કે, ફરીયાદી પોલીસ કર્મી હોય તેઓની ખોટી ફરીયાદને સમર્થન કરવા ખોટુ ચાર્જસીટ કરેલ છે.

**<u>પુરાવાનું મૂલ્યાંકન ::–</u>**

**(13)** ન્યાયતંત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ, "પુરાવાનું મૂલ્યાંકન" શબ્દને પુરાવાના કાયદામાં ક્યાંય વ્યાખ્યાબદ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનૂન સમર્થિત કોઈ નિયમ નથી; પુરાવાનું મૂલ્યાંકન કેવી રીતે કરવું, તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. પુરાવાના મૂલ્યાંકનનો આધાર ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩ માં કરવામાં આવેલ સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય, તે જોવામાં આવે તો, અદાલત સમક્ષ રજૂ થયેલી હકીકતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

**(13.1)** પુરાવાના સ્વરૂપને લઈ, ન્યાયવિદો દ્વારા પુરાવાનું વર્ગીકરણ નીચે મુજબ કરવામાં આવે છેઃ–

- ➢ મૌખિક પુરાવો – દસ્તાવેજી પુરાવો
- ➢ સીધો પુરાવો – સાંયોગિક પુરાવો
- ➢ પ્રાથમિક પુરાવો – આનુષાંગિક પુરાવો
- ➢ કર્ણોપકર્ણ પુરાવો (hear–say evidence)
- ➢ પરોક્ષ પુરાવો (Derivative evidence)
- ➢ નિષ્ણાંતનો પુરાવો (Expert evidence)
- ➢ સંભવિત પુરાવો (Presumptive evidence)

**<u>રેકર્ડ પરના પુરાવાનું સમગ્રતયા મૂલ્યાંકન :-</u>**

**(14) <u>મુદ્દા નંબર – ૦૧ તથા ૦૨ ની સંયુકત ચર્ચા :-</u>**

આ કામે ઉપરોકત મુજબનો પુરાવો રેર્કડ પર રજુ થયેલ છે. આ કામે ફરીયાદ પક્ષે હાલના આરોપી વિરુધ્ધ ઈ.પી.કો. કલમ–૨૮૭ તથા આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૩, ૭ મુજબ કેસ દાખલ કરેલ છે ત્યારે આ કામના આરોપી પાસેથી રાંધણ ગેસના ૧૪ કિ.ગ્રા. ના ભરેલા તથા ખાલી બોટલ નંગ- ૪, નોઝલ પાઈપ નંગ–૧, નાના પાંચ કિ.ગ્રા.ના બાટલા નં.૧ ઈલેકટ્રીક વજન કાટા વગેરે પકડેલ છે તેવી હકીકતના આધારે હાલની ફરીયાદ દાખલ કરેલ છે ત્યારે આ કામના આરોપીને સદરહું કેસમાં તકસીરવાન ઠરાવા માટે સર્વ પ્રથમ ફરીયાદ પક્ષ ધ્રારા એ હકીકત રેર્કડ પર લાવવી પડે કે બનાવના દિવસે આ કાયદાની કલમ–૩ મુજબનું જાહેરનામું કે વટહુકમ કે હુકમ (Notification) બહાર પડેલ હોવુ જોઈએ. આ કામે ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેતા આ મુજબનું કોઈ જાહેરનામુ બહાર પાડેલ હોય તેવો કોઈ જ પુરાવો રેર્કડ પર રજુ કરેલ નથી કે આ બાબતે કોઈ નિયમ પણ હોય તે પણ ફરીયાદ પક્ષ ધ્રારા રજુ કરેલ નથી. વધુમાં આ કામની ફરીયાદ પોલીસ કર્મચારી ધ્રારા આપવામાં આવેલ છે. આ કામે સદર ફરીયાદીને આ ધારાની કલમ–૧૨–એ ૧ઈ મુજબ જો ફરીયાદીને રાજ્ય સરકાર કે કેન્દ્ર સરકાર ધ્રારા નિયુકત કરવામાં આવેલા ના હોય તે ફરીયાદ દાખલ કરવા માટે અધિકૃત ગણાય નહીં. જેથી સદર ફરીયાદીને આ ફરીયાદ આપવા માટે અધિકૃત અધિકારી હતા કે કેમ તે બાબતે પણ કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આ કામે મામલતદારશ્રીને પુરવઠાને પણ તપાસેલા નથી કે સાક્ષી તરીકે જોડેલા પણ નથી.વધુમાં આ કામે આંક–૧૦ અને આંક–૧૨ થી પંચોને તપાસવામાં આવેલ છે. આ બંન્ને પંચો હોસ્ટાઈલ થયેલા છે. આ કામના આરોપી પાસેથી કોઈ મુદામાલ કબજે કરેલ હોય તે હકીકત પણ ફલિત થતી નથી.આ કામે આંક–૧૩ થી તપાસનીશ અધિકારીને તપાસવામાં આવેલા છે. તેમણે આ કામે જે જે તપાસ કરેલી છે તે હકીકત

જણાવેલી છે. વધુમાં આ કામે આરોપીપક્ષે ઊલટતપાસ કરવામાં આવેલી છે. જેમાં તેઓએ એ હકીકત સ્વીકાર કરેલ છે કે, **"બનાવવાળો વિસ્તાર જાહેર જગ્યા છે અને લોકોની અવર જવર પણ રહે છે. સામાન્ય કોઈ લગ્ન પ્રસંગમાં ઘરમાં વપરાતા બોટલોની આપ લે કરતા હોય છે. ગેસની બોટલો આવશ્યક ચીજવસ્તુમાં આવે છે અને તેનું કાર્યક્ષેત્ર પુરવઠા વિભાગને રહેલ છે. પુરવઠા વિભાગના અધિકારીએ ફરીયાદ આપેલ નથી. ગેસની બોટલો અંગે ફરીયાદ કરવાની સત્તા તેમને નથી. તેઓએ કોઇ સ્વતંત્ર શાહેદના નિવેદન લીધેલ નથી."**

વધુમાં આ કામે જયારે પણ આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ–૩, ૭ ધારા હેઠળ કોઇ મુદામાલ કબજે લેવામાં આવે તે પહેલા આ કાયદાની કલમ ૬–એ તથા ૬–બી ની જોગવાઈનું પાલન પણ થયેલ હોય તેવો કોઈ જ પુરાવો રજુ કરેલ નથી. આ કામે મે.કેલકટરશ્રીને આ બાબતે રિપોર્ટ કરેલ હોય અને તેમણે આ મુદ્દામાલ જપ્ત કરવાનો હુકમ કરેલ હોય તેવો કોઈ જ પુરાવો રેર્કડ પર રજુ કરેલ નથી. વધુમાં આ કામે બનાવ જાહેર સ્થળ પર બનેલ હોવા છતા આ કામે કોઈ સ્વતંત્ર સાહેદના નિવેદન લીધેલા નથી. જેથી આ તમામ કારણોસર આ કામના ફરીયાદ પક્ષ આરોપી વિરુધ્ધ ફરીયાદ નિઃશંક પણે પુરવાર કરી શકેલા નથી. વધુમાં આ કામે જે પોલીસ અધિકારી દ્વારા કાર્યવાહી કરવામાં આવેલ છે તે મે. કલેકટરશ્રી દ્વારા કે રાજય કે કેન્દ્ર સરકાર દ્વારા અધિકૃત કરવામાં આવેલ નથી ત્યારે ધારાની સુગર અને કેમીકલ વિરુધ્ધ ભારત રાજય (2019) 5 SCC 480 ના ચુકાદા માં સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે, "It is settled law that where a power is given to do a certain thing in a certain way, the thing must be done in that way or not at All. Other Methods are necessarily forbidden." ત્યારે હાલના કેસમાં ફરીયાદ કરવાથી લઈને મુદામાલ જપ્તી અંગેની પ્રક્રિયા કાયદામાં દર્શાવ્યા મુજબ કરવામાં આવેલ નથી. જેથી આ હાલ ચર્ચા કરેલ કારણોસર આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહીં. જેથી આ કામે મુદા નં-૧ નો જવાબ નકારમાં ઠરાવી નીચે મુજબનો આખરી

હુકમ કરવામાં આવે છે.

**<u>–:: આ ખ રી હુ ક મ ::–</u>**

**(1)** આ કામના આરોપી **પ્રકાશચંદ મિશ્રીલાલ કલાલ** રહે. ૩૨, ગોપાલનગર સોસાયટી,બાબેન, બારડોલી, તા.બારડોલી, જી.સુરત. નાઓને તેઓની સામેના ભારતીય ન્યાય સહીતાની કલમ ૨૮૭ તથા આવશ્યક ચીજ વસ્તુ ધારા અધિનિયમ ૧૯૫૫ ની કલમ ૩, ૭ મુજબના ગુનામાંથી બી.એન.એસ.એસ.ની કલમ ૨૭૧ અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

**(2)** આ કામે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીએ રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના સધ્ધર જામીન અપીલ પીરીયડ સુધીના રજૂ રાખવા અથવા અગાઉના જામીન ચાલુ રાખવા સબબની પુરશીશ રજૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**(3)** મુદામાલ પાવતી જે વચગાળાનો હુકમ કરવામાં આવે છે તે કાયમ રાખવામાં આવે છે તેમાં લગાડવામાં આવેલ શરતો દુર કરવામાં આવે છે. તથા હાલના કામે મુદ્દામાલ ગેસના બાટલા તેની ઉત્પાદક કંપનીને પરત કરવા, વિકલ્પે સરકાર ખાલસા કરી નિકાલ કરવા અન્ય તમામ મુદ્દામાલ સરકાર ખાલસા કરી નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

તારીખ : ૦૭/૦૪/૨૦૨૬
સ્થળ : બારડોલી, સુરત

(મોહિતકુમાર કીર્તિકુમાર શાહ )
પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ અને
એડીશ્નલ ચીફ જયુડિશ્યલ મેજિસ્ટ્રેટ,
બારડોલી, સુરત
(U.I.D- GJ01208)